# 1.ભારતમાં બ્રિટિશ સત્તાનો ઉદય

## સ્વાધ્યાય

### 1. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો:

**1) યુરોપિયન પ્રજાને ભારત આવવાનો જળમાર્ગ શોધવાની ફરજ પડી – વિધાન સમજાવો.**

- પ્રાચીન કાળથી પશ્ચિમના દેશો અને ભારત વચ્ચે મોટા પાયા પર વેપારધંધો ચાલતો હતો. એ સમયે વિદેશી બજારોમાં ભારતના મરી-મસાલાં, તેજાના મલમલ, રેશમી કાપડ, ગળી તેમજ અન્ય કીમતી ચીજ વસ્તુઓની ખુબ જ માંગ રહેતી હતી.
- પશ્ચિમ અને પૂર્વના દેશો વચ્ચેનો વેપાર ઈરાની અખાત અને રાતા સમુદ્રના જળમાર્ગે તેમજ મધ્ય એશિયાના જમીન માર્ગે ચાલતો હતો. આ માર્ગમાં તુર્કિસ્તાનમાં આવેલું કૉન્સ્ટેંટિનોપલ વેપારનું મુખ્ય મથક હતું.
- ઈ.સ. 1453માં તુર્ક મુસ્લિમોએ કૉન્સ્ટેટિનોપલ જીતી લીધું હતું. તેથી યુરોપના દેશો અને ભારત વચ્ચેના વેપારનો માર્ગ બંધ થયો.
- યુરોપિયન પ્રજાને ભારતના મરી-મસાલા વગર ચાલે તેમ ન હતું. તેથી તેમને ભારત આવવાનો નવો માર્ગ જળમાર્ગ શોધવાની ફરજ પડી.

**2) ડેલહાઉસીએ કયા કયા સુધારાવાદી કાર્યો કર્યા ?**

- ડેલહાઉસીએ નીચેનાં સુધારાવાદી કાર્યો કર્યા.
- ડેલહાઉસીએ ભારતમાં રેલવેની શરૂઆત કરી.
- તેના સમયમાં ઈ.સ.1853માં ભારતમાં મુંબઈથી થાણા સુધીનો પ્રથમ રેલ માર્ગ શરૂ થયો.
- તેણે ભારતમાં આધુનિક ટપાલ પદ્ધતિ શરૂ કરી. તેના સમયમાં ઈંગ્લેંન્ડ અને ભારત વચ્ચે તારવ્યવહાર શરૂ થયો.
- તેણે ભારતમાં અંગ્રેજી કેળવણીની વ્યવસ્થા કરી.
- તેણે બાળલગ્ન પર પ્રતિબંધ મૂકતો અને વિધવા-પુંનર્લગ્નને છૂટ આપતો કાયદો પસાર કર્યો.
- તેણે જાહેર બંધકામ ખાતાની શરૂઆત કરી.
- તેણે કંપની સરકારના વહીવટમાં પણ ઘણા સુધારા કર્યા.
- ડેલહાઉસીએ કરેલા ઉપર્યુક્ત સુધારાઓ પરથી એમ કહી શકાય કે ડેલહાઉસીએ સામ્રાજ્યવાદી હોવા છતાં સુધારાવાદી હતો.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

3) વેલેલ્સીની મુખ્ય સુધારાવાદી યોજનાની મુખ્ય શરતો કઈ હતી ?

- ભારતમાં અંગ્રેજ કંપનીને સર્વોપરી બનાવવા અને અંગ્રેજ કંપનીની પુનઃસ્થાપિત કરવા ગવર્નર જનરલ વેલેલ્સીએ સહાયકારી યોજના અમલમાં મૂકી.
- આ યોજનાની મુખ્ય શરતો નીચે મુજબ હતી.
- આ યોજના સ્વીકારનાર રાજાને અંગ્રેજ સરકરનું તાલીમ પામેલું અંગ્રેજ સૈન્ય આપશે, જે આંતરિક અને બાહ્ય આક્રમણથી રાજ્યનું રક્ષણ કરશે.
- તેના બદલામાં રાજા લશ્કરી ખર્ચ આપશે અથવા ખર્ચ પેટે પોતાની તેટલી ઊપજનો પ્રદેશ અંગ્રેજોને આપવો.
- તે રાજા અંગ્રેજ સરકારની મંજૂરી વિના કોઈ રાજ્ય સાથે યુદ્ધ કે સંધિ કરશે નહિ.
- તેણે સહાયકારી યોજનાના અમલ માટે રાજ્યદરબારમાં એક અંગ્રેજ પ્રતિનિધિ રાખવો પડશે.
- તે અંગ્રજો સિવાય બીજા કોઈ પરદેશીઓને નોકરીમાં રાખશે નહિ.

4) ડેલહાઉસીએ ખાલસાનીતિ અંતર્ગત કયાં કયાં રાજ્યો ખાલસા કર્યા ?

- ગવર્નર જનરલ ડેલહાઉસીએ ખાલસાનીતિ અંતર્ગત નીચે જણાવેલ રાજ્યો ખાલસા કર્યા.
- તેણે શેખોને હરાવી પંજાબ ખાલસા કર્યું.
- તેણે મ્યાનમારના રાજાને હરાવી રંગૂન સહિતનો પેગુ પ્રાંત ખાલસા કર્યો.
- તેણે સતારા, જેતપુર, સંબલ, ઉદેપુર, ઝાંસી, બઘાત, નાગપુરવગેરેના રાજાઓનું અપુત્ર અવસાન થતાં તેમનો દત્તક પુત્ર લેવાનો હક નામંજૂર કરી તેમનાં રાજ્યો ખાલસા કર્યાં.
- રાજ્યમાં ગેરવહીવટ ચાલે છે એવા બહાના હેઠળ તેણે અવધના નવાબને પદભ્રષ્ટ કરી તેનું રાજ્ય ખાલસા કર્યું.
- નિઝામ સરકારી દેવું ભરવામાં નિષ્ફળ ગયો, તેથી ડેલહાઉસીએ તેના રાજ્યનો સમૃદ્ધ વરાડ પ્રાંત સેવા પેટે ખાલસા કર્યો.
- નામમાત્રની સત્તાનો અંત લાવી ડેલહાઉસીએ કર્ણાટક અને તાંજોર રાજ્યોને ખાલસા કર્યા.
- આમ, ડેલહાઉસીએ જીત, જપ્તી, અને ખાલસા દ્વારા ભારતનાં અનેક રાજ્યોને કંપની સરકારના પ્રદેશોમાં જોડી દઈ અંગ્રેજ સામ્રાજ્યનો ખૂબ વિસ્તાર કર્યો.

## 2. નીચેના પ્રશ્નોના જવાબ મુદ્દાસર લખો :

1) પ્લાસીના યુદ્ધની ટુંકમાં માહિતી આપો.

- પ્લાસીનું યુદ્ધ ઈ.સ. 1757માં બંગાળના નવાબ સિરાજ-ઉદ્-દોલા અને અંગ્રેજો વચ્ચે થયું.
- ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ પોતાન રક્ષણના બહાના હેઠળ પોતાના વેપારીમથક ફોર્ટ વિલિયમની કિલ્લેબંધી કરવા માંડી.
- સિરાજ-ઉદ્-દૌલા અંગ્રેજોની ખટપટોથી વાકેફ હતો. આથી તેણે એ કિલ્લેબંધી તોડી નાંખી.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- આ સમાચાર નળતાં ચેન્નઈના ગવર્નરે બંગાળના અંગ્રેજોને મદદ કરવા રોબર્ટ ક્લાઈવની નાનકડું લશ્કર લઈને મોકલ્યો. અંગ્રેજો સીધી લડાઈમાં નવાબ સિરાજ-ઉદ્-દૌલાને હરાવી શકે તેમ ન હતાં.
- તેથી તેમણે સિરાજ-ઉદ્-દૌલાને હરાવવાનું કાવતરું ઘડ્યું.
- રૉબર્ટ ક્લાઈવે નવાબના સેનાપતિ મીરજાફરને બંગાળનો નવાબ બનાવવાને લાલચ આપે તેમજ નવાબના બીજા વિરોધીઓને પણ લાલચો આપી પોતાના પક્ષમાં લીધા.
- અમીચંદે 30 લાખ રૂપિયા આપવાનું કબૂલી અંગ્રેજોને મદદ કરી. ત્યાર પછી રૉબર્ટ ક્લાઈવે, બંગાળનો નવાબ અંગ્રેજોને કનડગત કરે છે એવું બહાનું કાઢી, તેની સામે ઈ.સ. 1757માં યુદ્ધ જાહેર કર્યું.
- પ્લાસીના મેદાનમાં સિરાજ-ઉદ્-દૌલા અને અંગ્રેજો વચ્ચે યુદ્ધ થતાં તેમાં અંગ્રેજોની જીત થઈ.
- મીરજાફરને બંગાળનો નવાબ બનાવવામાં આવ્યો. તેના બદલામાં મીરજાફરે અંગ્રેજોને બંગાળની 24 પરગણાની જાગીર આપી. આમ, ભારતમાં અંગ્રેજ સત્તાનો પ્રારંભ થયો.

### 2) કંપની શાસનની ભારત પર થયેલી આર્થિક અસરો જણાવો.

- કંપની શાસનની ભારત પર પડેલી આર્થિક અસરો નીચે મુજબ છે.
- ભારત દેશ છેલ્લાં 2000 વર્ષથી દુનિયામાં આર્થિક ક્ષેત્રે ગૌરવભર્યું સ્થાન ધરાવતો દેશ છે.
- બ્રિટિશ કંપનીનાં 100 વર્ષના શાસનકાળમાં તે બ્રિટિશ સામ્રાજ્ય માટે કાચો માલ ઉત્પન્ન કરનાર અને તૈયાર થયેલા પાકા માલ માટે બજાર બની ગયો.
- ઈ.સ. 1708 થી 1756 દરમિયાન બંગાળ પ્રાંત સુતરાઉ કાપડ, કાચું રેશમ, ખાંડ, શણ, મલમલ વગેરે ચીજવસ્તુઓની યુરોપના દેશોમાં નિકાસ કરતો હતો. પરંતુ ક્લાઈવે અમલમાં મૂકેલી 'દ્વિમુખીશાસન પદ્ધતિ'ને કારણે બંગાળ પ્રાત આર્થિક રીતે કંગાલ બની ગયો હતો.
- પ્રાચીન સમયમાં ભારતનાં ગામડાં સ્વાવલંબી અને સમૃદ્ધ હતાં. અંગ્રેજોના શાસનથી તે ગરીબ અને પરાધીન બન્યાં.
- ખેતી પડી ભાંગતાં તેની માંઠી અસર દેશનાં વેપાર-વાણિજ્ય પર થઈ.
- અંગ્રેજ સરકારની આકરી અને અન્યાયી મહેસુલ નિતીનેકારણે ભરતના ખેડુતો પાયમાલ અને દેવાદાર બન્યાં.
- અંગ્રેજ સરકાર ઈંગ્લેંન્ડના કાપડ ઉદ્યોગને વિકસાવવા ભારતના કાપડ ઉદ્યોગ પર અન્યાયી જકાત નાખી.
- ભારતનો હુન્નર ઉદ્યોગ પડી ભાંગે એ માટે અંગ્રેજ સરકારે અયોગ્ય રીતરસમો અપનાવી. પરિણામે ભારતના ઉધ્યોગ-ધંધા પડી ભાંગ્યા. તેથી કારીગરો ગરીબ અને બેકાર બન્યા.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- કંપનીના નોકરો ખાનગી વેપાર કરતા. તેઓ બંગાળના વણકરો પાસેથી સસ્તામાં અને ટૂંકી મુદતમાં કાપડ પૂરું પાડવાનો કૉન્ટ્રાક્ટ લખાવી લેતા. ઈન્કાર કરનાર વણકરને તેઓ ફટકા મારવાની કે જેલની શિક્ષા કરતા.
- કંપનીની જોહુકમીને કારણે બંગાળનો ધીકતો સુતરાઉ અને રેશમી કાપડનો ઉદ્યોગ નાશ પામ્યો.
- આમ, કંપની શાસનની ભારતની ખેતી, ગૃહઉદ્યોગ અને વેપાર-ધંધા પર વિનાશક અસર થઈ.

### 3) કંપની શાસનની ભારત પર થયેલી સામાજિક અસરો જણાવો.

- કંપની શાસનની ભારત પર થયેલી સમાજિક અસરો નીચે મુજબ છે.
- અંગ્રેજ વહીવટ દરમિયાન વર્તમાનપત્રોના વિકાસથી પ્રજામાં વાણી અને વિચાર સ્વાતંત્ર્યની ભાવનાનો વિકાસ થયો. વર્તમાનપત્રોના માધ્યમથી વિચારોનું આદાન-પ્રદાન શક્ય બન્યું.
- 18મી-19મી સદી દરમિયાન ભારતમાં સતીપ્રથા, જન્મતાંવેંત દીકરીને દૂધ પીતી કરવી, બાળલગ્ન,દહેજપ્રથા, વિધવા-પુંર્લગ્ન પર પ્રતિબંધ વગેરે કુરિવાજો પ્રવર્તતા હતા. અંગ્રેજોના સંપર્કથી રાજા રામમોહનરાય, ગહેરામજી મલબારી, દુર્ગારામ મહેતા વગેરે સમાજસુધારકોએ એ કુરિવાજો નાબૂદ કરતા કાયદા બનાવડાવ્યા.
- ભારતમાં શિક્ષણ ક્ષેત્રે અંગ્રેજીકરણ થતાં દેશમાં અંગ્રેજી ભાષા જાણનારા લોકોની જરૂરત ઊભી થઈ. અંગ્રેજ ધારાશાસ્ત્રી મૅકોલેના પ્રયત્નોથી ઈ.સ. 1834માં ભારતમાં અંગ્રેજી શિક્ષણ પદ્ધતિ શરૂ થઈ.
- ચાર્લ્સ વુડની ભલામણીથી મુંબઈ, ચેન્નઈ અને કોલકાતામાં યુનિવર્સિટીઓની સ્થાપના થઈ.
- ભરતમાં અંગ્રેજી શિક્ષણ થતાં એક નવો અંગ્રેજી શિક્ષિત વર્ગ ઊભો થયો. નવા શિક્ષિત યુવાનોમાંથી રાજા રામમોહનરાય, દુર્ગારામ મહેતા, નર્મદ, મહિપતરામ રૂપરામ, કરસનદાસ મુળજી, બહેરામજી મલબારી વગેરે સમાજસુધારકો થયા. એ સમાજસુધારકોના સક્રિય પ્રયત્નોને પરિણામે ભારતમાં સુધારાની પ્રક્રિયાને ખુબ વેગ મળ્યો.
- આમ, કંપની શાસને ભારતીય સમાજ પર નોંધપાત્ર અસરો કરી.

## 3. નીચે આપેલ વિકલ્પોમાંથીસાચો વિકલ્પપસંદકરીઉત્તરલખો :

### 1) ભારત આવવાનો જળમાર્ગ કોણે શોધ્યો ?

(A) કોલંબસ

(B) પ્રિન્સ હેનરી

(C) વાસ્કો-દ-ગામા

(D) બાર્થેલોમ્યુ ડાયઝ

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

**2) ભારતમાં જાહેર બાંધકામ ખાતાની સ્થાપના કોના સમયમાં થઈ ?**

(A) વેલેલ્સી

(B) ડેલહાઉસી

(C) વૉરન હેસ્ટિંગ્સ

(D) વિલિયમ બેન્ટિક

**3) નીચેનામાંથી કયું વિધાન ખોટું છે ?**

(A) 1757માં પ્લાસીનું યુદ્ધ થયું.

(B) પ્લાસીના યુદ્ધથી કંપનીને બંગાળના ચોવીસ પરગણાની જાગીર મળી.

(C) પ્લાસીના યુદ્ધથી કંપનીને બંગાળા, બિહાર, ઓરિસ્સાની દીવાની સત્તા મળી.

(D) બંગાળના નવાબ સિરાજ-ઉદ્-દૌલાએ પ્લાસીના યુદ્ધમાં ભાગ લીધો હતો.

**4) ભારતમાં પ્રથમ ગવર્નર જનરલ તરીકે કોણ આવ્યો ?**

(A) વૉરન હેસ્ટિંગ

(B) વેલેસ્લી

(C) ડેલહાઉસી

(D) કેનિંગ

**5) અંગ્રેજોએ ત્રીજો મૈસુર વિગ્રહ કોની સાથે કર્યો ?**

(A) ટીપુ સુલતાન

(B) મરાઠા

(C) નિઝામ

(D) હૈદરઅલી

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in